દિવાલ-બસ સ્ટોપ પર ચિતરાયેલાં સૂત્રો પર તંત્રએ કૂચડો ફેરવ્યો

બાકી રહેતાં બેનર્સ-હોર્ડિંગ્સ પણ દૂર કરાયાં

ગાંધીનગર, તા.૫

ચૂંટણી કાર્યક્રમ જાહેર થયા બાદ આચાર સંહિતાના અમલના પગલે શહેરમાં લગાવાયેલા રાજકીય પોસ્ટર્સ અને હોર્ડિંગ્સ દૂર કરવા તંત્ર દ્વારા અભિયાન હાથ ધરાયું છે. આજે પણ તંત્રની ટીમ દ્વારા નગરના વિવિધ બસ સ્ટેન્ડ અને દિવાલો પર ચિતરાયેલા રાજકીય સૂત્રો પર કૂચડો લગાવાયો હતો.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીની તારીખો જાહેર થતા જ આચારસંહિતા અમલી બની છે. જેને અનુલક્ષી તંત્ર દ્વારા શહેરમાં છેલ્લા કેટલાક સમયથી ડગલે ને પગલે ઉતરતા બેનર્સ અને હોર્ડિંગ્સને દૂર કરવા અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. ગઈ કાલે જ તંત્રની ટીમ દ્વારા શહેરના વિવિધ માર્ગો પરથી તોતિંગ હોર્ડિંગ્સ સહિત નાના મોટા ૯૬૦ જેટલા પોસ્ટર્સ અને બેનર્સ ઉતારી લેવાયા હતા. જયારે આજે પણ શહેરના મુખ્ય માર્ગો સહિત આંતરિક માર્ગો ઉપર પણ તંત્રના માણસોએ અભ્યાસ હાથ ધરી રાજકીય પ્રચાર-પ્રસાર કરતા હોર્ડિંગ્સ દૂર કરાયા હતા. જેમાં 'ચ' માર્ગ પર ટેલીફોન એકસચેન્જ નજીકના એપ્રોચ માર્ગ પરથી ત્રણ બોર્ડ હટાવી લેવાયા હતા. આ ઉપરાંત ઘ-૫ વિસ્તારમાંથી પણ રહી ગયેલા અન્ય એક બોર્ડને દૂર કરાયું હતું. વધુમાં નગરના બસ સ્ટેન્ડ ઉપર પણ ચિતરાયેલા લખાણ પર કુચડો ફેરવવામાં આવ્યો હતો. 'ચ' માર્ગ અને રોડ નં ૫ પર ચાર બસ સ્ટેન્ડ પર આ પ્રકારનું લખાણ ઢાંકવા પીંછી મારવામાં આવી હતી. જયારે ૧૫ થી વધુ જગ્યાએ દિવાલ પર લગાવાયેલા સૂત્રો ઉપર પણ કુચ્ચડો લગાવી દેવાયો છે.

જિલ્લામાં દિવાલો પરનાં લખાણ દૂર કરવા ૮ ટીમો કાર્યરત

અમદાવાદ, તા.૫

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અર્જુન મોઢવાડીયાએ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના સામાજીક સંગઠન સંકલન સેલના ચેરમેન તરીકે શ્રી જગદીશભાઈ દવેની નિમણુંક કરી છે.

શ્રી મોઢવાડીયાએ જણાવ્યું હતું કે શ્રી જગદીશભાઈ દવેની ચેરમેન તરીકે નિમણૂંક થવાથી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના સામાજીક સંગઠન સંકલન સેલની કામગીરીમાં ઉત્સાહ વધશે અને કોંગ્રેસ પક્ષ વધુ મજબુત બનશે. શ્રી જગદીશભાઈ દવેએ યુવક કોંગ્રેસથી કામગીરી શરુ કરીને વિવિધ સામાજીક સંસ્થાઓ સાથે વર્ષોથી સક્રિયતાથી જોડાયેલા છે.

ચિલોડા વિસ્તારમાં લાયસન્સ વિના ખેતીની દવાઓ વેચતો વેપારી ઝડપાયો

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લાના ચિલોડા વિસ્તારમાંથી ખેતીની દવાના વેચાણ માટેના અધિકૃત દસ્તાવેજો વિના બારોબાર દવાઓનું વેચાણ કરવાનું એક કૌભાંડ પકડાઈ જવા પામ્યું છે.

ખેતીવાડી વિભાગના ગુણવત્તા નિયંત્રણ તંત્ર દ્વારા આ અંગે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ગુણવત્તા નિયંત્રણ અધિકારી શ્રી ડી.જે. પટેલની ટીમ દ્વારા આ દરોડો પાડી અને કામગીરી હાથ ધરવામાં આવી છે. જે મોડી રાત સુધી કામગીરી ચાલી હતી. આ વેપારી પાસેથી દવાના વેચાણ માટેના કોઈ જ અધિકૃત દસ્તાવેજો મળ્યા નથી તેમજ તે એક ગાડીમાં આ દવાઓ રાખી વેચાણ કરતો હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે અધિકારીઓએ આ દરોડા દરમ્યાન

એક વાહન અને નકલી દવાઓનો જથ્થો કબ્જે લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે જે મોડી સાંજ સુધી કામગીરી ચાલુ રહી હતી.

મળતી વિગતો પ્રમાણે ચિલોડા-સાદરા માર્ગ પર એક કોમર્શીયલ કોમ્પલેક્ષમાં નકલી દવાઓનું વેચાણ થતુ હોવાની મળેલ બાતમીના આધારે આજે ખેતીવાડીના ચુનંદા અધિકારીઓએ છટકુ ગોઠવીને સમગ્ર કૌભાંડનો પર્દાફાશ કર્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

ચૂંટણીમાં નસીબ નહીં પણ નાણાંનું પ્રભુત્વ રહેશે

પંચાયતના સભ્ય થવા પણ ખિસ્સાં ભરેલાં ન હોય તો ચૂંટણી લડાતી નથી

ગાંધીનગર, તા.૪

ભારતમાં લોકસભાની ચૂંટણી સૌથી વધારે ખર્ચાળ સાબિત થાય છે. તે પછી વિધાનસભાની ચૂંટણી આવેછે. ભારતના ચૂંટણી પંચે લોકસભાના ઉમેદવાર માટે સત્તાવાર ખર્ચની મર્યાદા ૪૦ લાખ કરી દીધી છે, એટલે કે એખ કરોડ રૂપિયા ખિસ્સામાં ન હોય તો ચૂંટણી મેદાનમાં ઉતરવું અઘરૂં છે.

ગુજરાતમાં ગ્રામ પંચાયતની ચૂંટણી લડાય છે તેમાં પણ ઉમેદવાર પાસે રૂપિયા હોવા જરૂરી છે. તાલુકા અને જિલ્લા પંચાયતમાં તમે લાખોપતિ હોવા જોઈએ. મહાનગરપાલિકામાં પણ તમારી પાસે એથી વધારે સંપત્તિ જરૂરી છે.

તાજેતરમાં મહાનગરપાલિકાની યોજાયેલી ચૂંટણીમાં એક ઉમેદવાર પાસેથી પાર્ટીએ ૨૦ લાખ રૂપિયા લઈને ટીકીટ આપી હતી. કલ્પના કરો કે માત્ર ટીકીટ મેળવવા માટે આટલા રૂપિયા આપવા પડતા હોય તો ચૂંટણી જીતવા કેટલા રૂપિયાની જરૂરિયાત પડતી હશે...

૨૦૦૨ની વિધાનસભામાં ચૂંટણી જીતવા એક ઉમેદવારને અઢી થી ત્રણ કરોડનો બિન સત્તાવાર ખર્ચ થયો હતો. આ ખર્ચા ક્યાંય નોંધાતા નથી. ચૂંટણી પંચ પાસેના રેકોર્ડમાં તો ઉમેદવારનો મર્યાદા કરતાં ઓછો ખર્ચ નિકળે છે.

ગુજરાતમાં જ મની પાવર છે તેવું નથી. ભારતના અનેક રાજ્યોમાં મની અને મસલ પાવરના જોરે ચૂંટણી લડાય છે અને જીતાય છે. થેક્સ ટુ... ટી.એન. શેષાન કે જેમણે ચૂંટણી સુધારા કરીને રાજકીય નેતાઓ અને પાર્ટીઓની હાલત કફોડી કરી નાંખી છે.

ચૂંટણી લડવી હોય તો ખિસ્સામાંથી૧૬ લાખ રૂપિયા ખર્ચ કરવા પડશે મની પાવર ઉપર બ્રેક છતાં સત્તાવાર ૩૫૦ કરોડ ખર્ચનો અંદાજ

(વિશેષ પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર, તા.૪

ભારતની લોકશાહી વ્યવસ્થામાં હવે ચૂંટણી લડવી તે કાચા-પોચા કે નસીબદાર નાગરિકનું કામ નથી. વધતી જતી મોંઘવારીની અસર ચૂંટણી ઉપર પણ દેખાઈ છે. હવે તો લખપતિ નાગરિક જ ચૂંટણી લડી શકે છે. ચૂંટણી પંચે વિધાનસભાના ઉમેદવાર માટે સત્તાવાર ખર્ચની મર્યાદા ૧૦ લાખ થી વધારીને ૧૬ લાખ કરી છે, તે બાબત જ બતાવે છે કે ઈલેકશન મોંઘુદાટ બન્યું છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં સત્તાવાર ૩૫૦ કરોડ કરતાં વધારે રકમનો ખર્ચ થવાની ધારણા રાખવામાં આવી છે. જો કે બન્ને પાર્ટીઓ માટે અસ્તિત્વના જંગ સમાન આ ચૂંટણીમાં બિન સત્તાવાર ખર્ચ ૮૦૦ કરોડ થવાની ધારણા છે.

અગાઉ ૨૦૦૭માં યોજાયેલી ચૂંટણીમાં સત્તાવાર ૨૫૦ કરોડ અને બિન સત્તાવાર ખર્ચ ૬૦૦ કરોડનો થયો હોવાનો અંદાજ બાંધવામાં આવ્યો હતો. ચૂંટણી ખર્ચના આંકડાને અત્યારે તો સત્તાવાર સમર્થન મળતું નથી પરંતું મત વિસ્તારની સ્થિતિ પ્રમાણે પાર્ટીઓ અને ઉમેદવારો મની પાવરનો ઉપયોગ કરવાની તક ચૂકતા નથી.

ચૂંટણી ખર્ચમાં મુખ્યત્વે કેન્દ્રીય ચૂંટણી પંચ, રાજકીય પાર્ટીઓ અને ઉમેદવારો આવે છે. એ ઉપરાંત અશાંતિની સ્થિતિમાં લોકોના જાનમાલની નુકશાની થાય છે.

વિધાનસભાની ચૂંટણી લડવી હોય તો ઉમેદવાર પાસે ૧૬ લાખ રૂપિયા હોવા જોઈએ. ભારતના ચૂંટણી પંચનો આ સત્તાવાર આંકડો છે અને પંચે જણાવ્યું છે કે ઉમેદવાર આટલી રકમ સુધીનો ખર્ચ કરી શકે છે. લોકસભાની ચૂંટણી માટે પંચે ૪૦ લાખની રકમ નિયત કરી છે.

ભારતની લોકશાહીમાં રૂપિયા વિના ચૂંટણી લડી કે જીતી શકાતી નથી તેનો આ દાખલો છે. ભારતના ચૂંટણી પંચ દ્વારા આ રકમ ગયા વર્ષે જ વધારવામાં આવી છે. આ પહેલાં લોકસભાની ચૂંટણી માટે ૨૫ લાખ અને વિધાનસભાની ચૂંટણી માટે ૧૦ લાખની મર્યાદા હતી. વિધાનસભાના ઉમેદવાર માટે ૬૦ટકાનો વધારો કરવામાં આવ્યો છે. ગુજરાતમાં ભાજપ અને કોંગ્રેસના મળીને કુલ ૩૬૪ ઉમેદવારો થાય છે. એ ઉપરાંત બીજા કેટલાક મજબૂત અને આર્થિકરીતે સંપન્ન ઉમેદવારોની ગણતરી કરીએ તો ચૂંટણીમાં ઉભા રહેતા સરેરાશ ૧૧૦૦ ઉમેદવારો પૈકી ૪૫૦ ઉમેદવારો આટલો મોટો શક્તિશાળી ખર્ચ કરવા સક્ષમ હોય છે. એનો મતલબ એ થયો કે ૮૦ કરોડનો ખર્ચ તો માત્ર આ શક્તિશાળી ઉમેદવારો કરશે. બાકીના ૬૦૦ ઉમેદવારોમાં બે લાખનો આંકડો મૂકીએ તો પણ ૧૨ કરોડ બીજા ઉમેરાતાં ઉમેદવારોનો સત્તાવાર ખર્ચનો આંકડો ૧૦૦ કરોડની આસપાસ થાય તેમ છે.

ગુજરાતના ૩.૭૮ કરોડ મતદારો શાંતિપૂર્ણ મતદાન કરી શકે તે માટે સમગ્રપ્રક્રિયા દરમ્યાન ચૂંટણી પંચ અંદાજે ૧૫૦ કરોડનો ખર્ચ કરશે. બીજી તરફ પાર્ટીના ખર્ચના આંકડા પણ જોવાના હોય છે, જો કે પાર્ટીઓએ કરેલા ખર્ચના હિસાબો ચૂંટણી પૂર્ણ થયા પછીના દિવસોમાં આપવાના હોય છે. સૂત્રો કહે છે કે પાર્ટીના ખર્ચ ઉપર એવાં કોઈ નિયંત્રણો નથી કે જેવા નિયંત્રણો ઉમેદવારો માટે લાદવામાં આવ્યા છે.

વિસ્તારમાં લોકપ્રિય હોવ તો ઓછો ખર્ચ કરીને પણ ચૂંટણી લડી શકાય

ગાંધીનગર, તા.૪

સૌરાષ્ટ્રના જૂનાગઢના ધારાસભ્ય મહેન્દ્ર મશરૂ અપક્ષમાં હતા ત્યારે અને ભાજપમાં ગયા પછી પણ વધારે ખર્ચ વિના ચૂંટણી લડી રહ્યાં છે. તેમણે વિધાનસભામાં પાંચ ટર્મ પુરી કરી છે.

ચૂંટણી ખર્ચ અંગે પૂછતાં મહેન્દ્ર મશરૂએ કહ્યું હતું કે મારો ચૂંટણી ખર્ચ હંમેશા ખૂબ ઓછો રહ્યો છે. હું જયારે પ્રથમવાર અપક્ષ ચૂંટણી લડ્યો ત્યારે મારો ચૂંટણી ખર્ચ ૧.૫૦ લાખ થયો હતો. બીજી ટર્મ માટે ખાસ યાદ નથી પરંતું બે લાખથી વધારે રૂપિયા ખર્ચાયા નથી.

સામાન્યરીતે બે રીતે ચૂંટણી ખર્ચ થતો હોય છે. એક તો ઉમેદવાર તરીકેનો ખર્ચ અને બીજો પાર્ટી ઉમેદવાર પાછળ ખર્ચે તે છે. હું માનું છું કે લોકપ્રિય અને પ્રજાને સાથે રાખીને ચાલનારા નેતાને ચૂંટણી ખર્ચમાં વધારે ખેંચાવું પડતું નથી. મારી અગાઉની ચૂંટણીમાં યુવક મંડળો અને મિત્રોએ ચૂંટણીનો ખર્ચ ઉપાડી લીધો હતો.

મહેન્દ્ર મશરૂ કહે છે કે ચૂંટણી ખર્ચની વ્યક્તિગત મર્યાદા ૧૦ લાખ હોય કે ૧૬ લાખ, મને ફરક પડતો નથી. આટલી મહત્તમ રકમ સુધી હજી હું જઈ શક્યો નથી. મારી ચૂંટણીમાં રૂપિયા કરતાં મતદારોની ભાવના વધારે બળવત્તર હોય છે. અલબત્ત, મારી પાછળ પાર્ટી પણ કેટલોક ખર્ચ કરતી હશે પરંતું તેના આંકડા મારી પાસે ઉપલબ્ધ નથી.

હું અપક્ષ ચૂંટાયો ત્યારે ૧.૫૦ લાખનો ખર્ચ થયો હતો મર્યાદાથી ચૂંટણી લડવામાં મને કોઈ ફરક પડતો નથી

એક મહિનામાં ૫૨૦૪ અરજદારોને લાયસન્સ

૧૩ કીસ્સામાં ઈન્ટરનેશનલ ડ્રાઈવીંગ પરમીટ અપાઈ

ગાંધીનગર, તા. ૫

પેપરલેસ આર.ટી.ઓ. કચેરી દ્વારા છેલ્લા એક મહિનામાં ૫૨૦૪ અરજદારોને લાયસન્સ ઈસ્યુ કરવામાં આવ્યા છે. જયારે ૧૩ કીસ્સામાં ઈન્ટરનેશનલ ડ્રાઈવીંગ પરમીટ આપવામાં આવી છે.

'ગ' માર્ગ પર નવીન આર.ટી.ઓ. કચેરી ધમધમતી થયા બાદ લાયસન્સ વાહન નોંધણી સહિતની કામગીરી ઝડપભેર થઈ શકે તેવી હાઈટેક વ્યવસ્થા ગોઠવામાં આવી હોવાની ગુલબાંગો પોકારવામાં આવી રહી છે. આર.ટી.ઓ. કચેરીને પેપરલેસ અને કોમ્પ્યૂટરાઈઝેડ બનાવવાના અભિગમ સાથે અરજદારોને ઓનલાઈન સુવિધા પુરા પાડવામાં આવી રહી છે. લાયસન્સ ઈચ્છુક અરજદારોને ઓનલાઈન ફોર્મ ભરવા સહિત એપાઈમેન્ટ આપી કાર્યવાહી હાથ ધરવાની નવી કાર્યપદ્ધતિ અમલી બનાવાઈ છે. બીજીતરફ હાઈટેક મનાતી આર.ટી.ઓ. કચેરીમાં વારંવાર ટેકનિકલ ક્ષતિઓ ઉદ્‌ભવતા અસરકારક કામગીરી થઈ શકતી ન હોવાનો પણ સૂર ઉઠવા પામ્યો છે. થોડા સમય અગાઉ પણ ટેકનિકલ ક્ષતિ ઉદ્‌ભવતા આર.ટી.ઓ. કચેરીમાં કામગીરી ઠપ્પ થઈ ગઈ હતી. આર.ટી.ઓ. સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર છેલ્લા મહીનામાં ૨૧૦૪ અરજદારોને લર્નિંગ લાયસન્સ ઈસ્યુ કરવામાં આવ્યા છે. જયારે ૩૧૦૦ સ્માર્ટકાર્ડ અપાયા છે. વધુમાં ૧૩ કીસ્સામાં ઈન્ટરનેશનલ ડ્રાઈવીંગ પરમીટ આપવામાં આવી છે.

દુઃખદ અવસાન - બેસણું

અમારા પૂજ્ય માતુશ્રી **અંબાબેન રમણલાલ ગાંધી**, તા. ૩-૧૦-૨૦૧૨ને બુધવારના રોજ દેવલોક પામ્યા છે. ઈશ્વરને ગમ્યું તે ખરું. **સદ્‌ગતનું બેસણું તા. ૭-૧૦-૨૦૧૨ને રવિવારના રોજ સવારે ૮ થી ૧૦ કલાકે, પ્લોટ નં. ૫૫૭/૧, સેક્ટર-૭/બી, (ગ-૨ પાસે), ગાંધીનગર** ખાતે રાખેલ છે.

લિ.

સ્વ. બાલકૃષ્ણ આર. શાહ (વડોદરા)
સુશ્રી હર્ષલતાબેન બી. શાહ
રજનીકાન્ત આર. ગાંધી (નડિયાદ)
અ.સૌ. સ્મિતાબેન આર. ગાંધી
ઉમેશચંદ્ર આર. શાહ (ગાંધીનગર)
ગુણવંતભાઈ આર. શાહ (આણંદ)
સે.૭, ફોન : ૨૩૨૭૦૦૨૬
અ.સૌ. ઉષાબેન ચુ. શાહ

મધુસૂદન આર. ગાંધી - સે.૨૨ (ગાંધીનગર) ફોન :૨૩૨૨૩૫૬૯
ભૂતપૂર્વ મેનેજીંગ ટ્રસ્ટી, સિ.સિ. કાઉન્સીલ, ગાંધીનગર
ભૂતપૂર્વ વાઈસ ચેરમેન, ગાંધીનગર અર્બન કો-ઓપરેટીવ બેંક
અ.સૌ. હંસાબેન એમ. ગાંધી
અ.સૌ. રમીલાબેન જી. શાહ
કિરણભાઈ આર. શાહ (વડોદરા)
અ.સૌ. શોભાબેન કે. શાહ

॥ અભય ॥ ABHAY INTERIORS
ZARIN CATERING Pvt. Ltd.
FOR PROFESSIONAL & EXCELLENT OUTDOOR CATERING
REGISTERED OFFICE :
B-203, Aman Flat, opp. BJP Office, J.P. Chowk, Khanpur, Ahmedabad
CORRESPONDENCE OFFICE :
Neminath Electronics, Plot No. E-192, Electronics Estate, B/h. Videocon Factory, Sector-26, Gandhinagar

સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ રાજકોટ દ્વારા સંચાલિત
ગાંધી જયંતિ નિમિત્તે ખાદીમાં વિશેષ વળતર

ગુજરાત ખાદી	૨૫ % વળતર
ગુજરાત ખાદી તૈયાર કપડાં	૨૫ % વળતર
પરપ્રાંત ખાદી	૧૫ % વળતર
પરપ્રાંત ખાદી તૈયાર કપડાં	૧૫ % વળતર
રેશમ ખાદી	૧૫ % વળતર

સરકારશ્રી દ્વારા માન્ય સ્ટીલ તેમજ વુડન ફર્નિચર ખરીદવાનું સ્થળ
ખાદી ગ્રામોદ્યોગ ભવન
પાટનગર યોજના ભવન, સેક્ટર-૧૬, ફોન : ૨૩૨૨૨૩૩૩
સમય : સવારે ૧૦-૩૦ થી ૭-૩૦ કલાક ● રીશેષ : ૨-૩૦ થી ૩-૩૦
ખાસ નોંધ : તા. ૭-૧૦-૧૨ રવિવારે કેન્દ્રનું બપોરે ૧-૦૦ થી ૮-૦૦ કલાક કામકાજ ચાલુ રહેશે.

Ganesh Cement
Kisan
BENELAVE
H.FIXIT
Venkatesh TMT BARS - ISI
TATA STEEL • PIPES • SHEETS
Sanghi STEEL - ISI
ashirvad C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

વળતર
નવરાત્રી, ગાંધી જયંતિ તથા દિવાળીના તહેવારો નિમિત્તે દર વર્ષની જેમ આ વર્ષે પણ વર્ષમાં ફક્ત એક જ વખત તદ્દન નવી વેરાઈટી નવા સ્ટોક સાથે
સ્પે. ઓફર 20% ડિસ્કાઉન્ટ
પડદાના કાપડ ઉપર
તા. ૨-૧૦-૨૦૧૨ થી ૧૩-૧૧-૨૦૧૨ સુધી
તેમજ હેન્ડલુમની તદ્દન નવી વેરાઈટીઓ, ડેની ખાદી, પોલીસ્ટર ખાદી, કોટન ખાદી, ચાદર, ડુપટા, લુંગી, બારમાસા, ચોતરંજુ, ચોરસા, સોફાકવર, ફ્રેંચ મટીરીયલ્સ તેમજ હેન્ડલુમની અન્ય વેરાઈટી ઉપર
ખાસ 10% ડિસ્કાઉન્ટ
ભારત હેન્ડલુમ
ડુ.નં.૧૬, પાટનગર યોજના ભવન, સેક્ટર-૧૬, ગાંધીનગર ફોન : ૨૩૨ ૨૫૧૧૦
સર્વોદય હેન્ડલુમ
પ્લોટ-૨૧૮, ડુ.નં.૧૪, સાઈબાબાર્ડ પાસળ, સેક્ટર-૨૧, ગાંધીનગર ફોન : ૨૩૨૦૭૧૧
રવિવારે શો-રૂમ ચાલુ છે

ઉત્તર ગુજરાતમાં સૌથી વધુ વેચાણ ધરાવતી ફર્મ
કામધેનુ સ્ટીલ
ભરોસાપાત્ર
T.M.T. સ્ટીલ
અહી સામાન્ય સ્ટીલ વપરાયેલું છે
અહી કામધેનુ સ્ટીલ વપરાયેલું છે
અલ્ટ્રાટેક સિમેન્ટ
સ્ટોકિસ્ટ
કૈલાસ ટ્રેડર્સ
લોદરાવાળા
Steel Tiger
૯૩૩/૨, સેક્ટર-૩/ડી, ગાંધીનગર.
ફોન : ૯૮૨૪૨ ૬૧૨૨૫, ૨૩૨૨૩૮૦૧, ૯૬૯૮૪ ૭૩૨૦૦

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી :** કૃષ્ણકાન્ત જહા. **ફોન :** ૨૩૨૨૨૫૭૧, **ફેક્સ :** ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com